Sandesh (Suppl.: Ahmedabad Purva/Citylife)

EDII

July 26, 2023
Pg.5

### EDIIના ડાયરેક્ટર સુનીલ શુક્લાએ કહ્યું કે

# યુવાનોમાં રહેલી યોગ્યતા અને ક્ષમતાને પ્રોત્સાહિત કરવી જોઈએ

**EDIIએ ફ્યૂચર ઓફ વર્ક: ઇન્ડસ્ટ્રી ૪.૦, ઇનોવેશન અને ટ્વેન્ટીફર્સ્ટ સેન્ચ્યુરી સ્કિલ પર Y૨૦ ઇન્ડિયા બ્રેઇનસ્ટોર્મિંગ સેશન યોજ્યું**

**સિટી લાઇફ ।** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદે રિસર્ચ એન્ડ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર ડેવલપિંગ કન્ટ્રીઝ (RIS)ના સહયોગમાં ફ્યૂચર ઓફ વર્ક: ઈન્ડસ્ટ્રી ૪.૦, ઈનોવેશન અને ટ્વેન્ટીફર્સ્ટ સેન્ચ્યુરી સ્કિલ પર Y૨૦ ઈન્ડિયા બ્રેઈનસ્ટોર્મિંગ સત્રનું આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમ યુવાનોને અર્થપૂર્ણ ચર્ચાઓ, જ્ઞાનના આદાન-પ્રદાન અને વિવિધતા તથા સમાવેશ પર હિમાયત માટે એક મંચ આપવા માટે અને તેઓને આ હેતુ પ્રત્યે માહિતગાર બનાવવા તથા અપડેટેડ માહિતી અને જ્ઞાન વડે તેમને સશક્ત કરવા માટે આયોજિત કરવામાં આવ્યો હતો.જેમાં ચીફ ગેસ્ટ તરીકે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર હિતેશ મકવાણા, આરઆઈએસના એસોસિયેટ પ્રોફેસર ડૉ. પંકજ વશિષ્ઠ અને ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું ઉદ્ઘાટન થયું હતું. પ્રેક્ષકોને સંબોધતા ડૉ. સુનીલ શુક્લાએ કહ્યું 'આપણે આપણા યુવાનોમાં રહેલી યોગ્યતાઓ અને ક્ષમતાઓને પ્રોત્સાહિત કરવી જોઈએ અને તેમને વિકાસમાં સામેલ કરવી જોઈએ. ઈડીઆઈઆઈએ પ્રક્રિયાનો એક ભાગ બનવાનો વિશેષાધિકાર ધરાવે છે જ્યાં યુવાનોને ઉદ્યોગ સાહસિકતા તરફ માર્ગદર્શન આપવામાં આવે છે, જે સંતુલિત વૃદ્ધિ સુનિશ્ચિત કરે છે. યુવા પેઢીને આંત્રપ્રિન્યોરશિપના આ ક્ષેત્ર સાથે પરિચય કરાવવો પડશે, કારણ કે તેઓ નવીનતા અને ટેક્નોલોજી સાથે મજબૂત લગાવ ધરાવે છે, જે આખરે વિકાસ, સ્ટાર્ટઅપ્સ અને વ્યવસાયોનો પાયો છે.



### વિકાસના ક્ષેત્રમાં યુવાનોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે

હું યુવાનોને વિકાસના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે આગ્રહ કરું છું. તેઓએ એવા વિચારો, યોજનાઓ અને વ્યૂહરચનાઓ સાથે આવવું જોઈએ જે લાભદાયી માળખું અને સિસ્ટમ બનાવવામાં મદદ કરે છે. હું યુવાનોને વિનંતી કરું છું કે તેઓ એક ધ્યેય નક્કી કરે અને જવાબદારીપૂર્વક તેના તરફનો માર્ગ બનાવે. સમય એ એક આવશ્યક પરિબળ છે અને હું યુવાનોને સલાહ આપું છું કે સમયનો આદર કરો, સ્થિતિસ્થાપક બનો અને સંપૂર્ણ નિષ્ઠા સાથે પોતાના લક્ષ્યોને આગળ ધપાવો.

-હિતેશ મકવાણા, મેયર, ગાંધીનગર